આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રત્યેક દિવસ તમારે માટે કંઇક ને કંઇક ભેટ સોગાદ લઇને જ આવે છે તમે એને કેવા ઉમળકાથી સ્વીકારો છો તેના પર તમારો આનંદ અવલંબે છે
- એસ. ભટાચાર્ય



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૦ | ૩૦ ઓગષ્ટ, ૨૦૧૨, ગુરૂવાર; અધિક ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ૨૦૦ હરિત-ઊર્જિત શાળાઓ

## ગાંધીનગર શહેર, ગ્રામ્ય અને દહેગામ તાલુકાની શાળાઓએ હરિત-ઊર્જિત શાળાનો દરજ્જો મેળવવા ઉત્સુકતા દર્શાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની ૨૦૦ શાળાઓ આ વર્ષે હરિત-ઊર્જિત શાળાનો દરજ્જો મેળવી ક્લાઈમેન્ટ ચેઈન્જ સામેની લડતનો હિસ્સો બનશે

ગાંધીનગર જિલ્લાની આ ૨૦૦ શાળાઓમાં દહેગામ ગાંધીનગર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની પણ ૫૦ થી વધુ શાળાઓએ પોતાની ઉત્સુકતા બતાવી છે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા આ લડતમાં અત્યાર સુધીમાં રાજ્યની ૫૪૦૦ જેટલી શાળાઓ હરિત-ઊર્જિત શાળાનો દરજ્જો મેળવી ચુકી હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વર્ષે આ દરજ્જો મેળવવા આતુર શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી અરજી માંગવામાં આવી છે અને આ ઓનલાઈન અરજીને સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧ ઓગષ્ટ છે. આ વર્ષે પણ સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનો દાવો આ સૂત્રોએ કર્યો છે.

મળતી વિગતો મુજબ હરિત-ઊર્જિત શાળાના બાળકો ઊર્જા-બચત માટે પ્રેરિત થાય તેવો એક સંકલ્પ આની પાછળ છે. આ ઊર્જા સાક્ષરતાનું અભિયાન હોવા ઉપરાંત કોમ્પ્યુટર સાક્ષરતાનું પણ સંકલિત અભિયાન છે.

આ દરજ્જો મેળવનાર શાળામાં ૨૫-૨૫ વિદ્યાર્થીઓની ટુકડી બનાવવામાં આવે છે એટલુ જ નહિ આ માટે ૩ શિક્ષકોની પણ નિયુક્તી કરી તેમને ઊર્જા સાક્ષરતાની તાલિમ આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત છ પ્રકારના ઓડિટ શાળામાં કરવામાં આવે છે.

આ ઓડિટની ડેટા એન્ટ્રી પણ કોમ્પ્યુટર દ્વારા કરવાની રહેશે. આ ઓડિટમાં ઊર્જા ઓડિટ, પર્યાવરણ ઓડિટ, જળઊર્જાનું ઓડિટ, કચરાનું ઓડિટ, જમીન અને જીવ વૈવિધ્યનો

● અનુસંધાન પાન-૭ પર

# આજે સત્તા સોંપણીના મુદ્દે મેયર અને કોંગી કાઉન્સીલરો પ્રતીક ઉપવાસ કરશે

## શહેરના પ્રશ્નો રજૂ કરવા માટે સરકારી તંત્ર પડી ભાંગ્યુ છે : મહેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં સામાન્ય માનવીને સ્પર્શતી સેવાઓ પુરી પાડવા માટેની સત્તાઓ રાજ્ય સરકાર નહિ સોંપી અને ગાંધીનગરને અન્યાય કરી રહી છે તેને વાચા આપવા આજે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો ૧૦ થી ૪ના પ્રતિક ઉપવાસ કરશે.

પથિકાશ્રમ ઘ-૩ સર્કલ નજીક શ્રી રાણા અને કાઉન્સીલરો આ પ્રતીક ઉપવાસ કરવાના છે. તેમણે જણાવ્યુ હતુ કે પ્રજાને મળતા ડહોળા પાણીનો પ્રશ્ન હોય કે ગાંધીનગર શહેરમાં નવરચિત કોર્પોરેશન માટે રૂ. ૨૦૦ કરોડની વિશેષ ગ્રાન્ટના પેકેજની માંગણી હોય તે સરકાર સાંભળતી જ નથી. તેમણે જણાવ્યુ હતુ કે સત્તા સોંપણીના મુદ્દે વારંવાર રજુઆતો કરી હોવા છતાં સરકાર સત્તા પણ સોંપતી નથી.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર કોર્પો.ને પાણીની સેવાઓ આપવાની વાત સરકારે કરી પણ આ માટે સ્ટાફ અને તકનીકી સહાય આપવાનો ઈન્કાર કરી સેવા આપવી નથી તેવુ સ્પષ્ટ પ્રતિપાદિત સરકારે જ કર્યુ છે.

શ્રી રાણાએ એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ટેક્ષ હોલીડેના મુદ્દે જે તે સમયે અમે સરકારને

● અનુસંધાન પાન-૭ પર

### મેયરના ઉપવાસ પ્રજાને ગુમરાહ કરવાનું નાટક છે : ભાજપ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર અને કોંગી કાઉન્સીલરોના પ્રતીક ઉપવાસની જાહેરાતને આજે ભાજપના કાઉન્સીલરોએ પ્રજાને ગુમરાહ કરવા માટેના નાટક સમાન લેખાવ્યું છે.

વિપક્ષના નેતાશ્રી મનુભાઈ પટેલના નેતૃત્વમાં આજે આ મુદ્દે ભાજપના કાઉન્સીલરોએ એક આવેદન-પત્ર પણ આપ્યું છે.

ભાજપના કાઉન્સીલરોએ આ આવેદન-પત્રમાં જણાવ્યું છે કે મિલ્કત વેરાનો વિરોધ અમે દખાસ્ત લાવ્યા ત્યારે પણ કર્યો હતો, આજે પણ કરીએ છીએ અને આગામી દિવસોમાં પણ કરીશુ. તેમણે જણાવ્યું છે કે ૧૭-૮-૨૦૧૨ની સામાન્ય સભામાં આ દરખાસ્ત મંજૂર બહુમતિથી કરાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર



**યે કૌન ચિત્રકાર હૈ !...** હિન્દી ફિલ્મનાં આવા અનેક સુરીલા ગીતો યાદ આવી જાય એવી મનોહર ચિત્રાકારીનું સર્જન પરમ સર્જકે બુધવારે સાંજે આકાશમાં કર્યું હતું. જે જોઈને ખરેખર એમ થાય કે કુદરતનું દરેક સર્જન અનુપમ છે, અજોડ છે અને અલબત્ત સુંદર પણ છે ! ધોધમાર વરસીને થાકેલા વાદળો જાણે રંગોની રમત રમતા હોય એમ રંગબેરંગી દ્રશ્યો આકાશમાં સર્જાયાં હતાં. (તસવીર : દિપક જાની)

# નરોડા પાટિયા કેસમાં ૩૨ દોષિત : ૨૯ નિર્દોષ

## દોષિત જાહેર થયેલામાં કોડનાની સહિત બજરંગ દળના નેતા બાબુ બજરંગી સામેલ : ખાસ અદાલતના ચુકાદાથી સોપો : ૩૧મીએ દોષિતોને સજાની જાહેરાત કરાશે : ૧૦ વર્ષના લાંબા ગાળા બાદ કોર્ટનો ચુકાદો

અમદાવાદ,તા.૨૯

અમદાવાદની ખાસ અદાલતે સમગ્ર દેશને હચમચાવી મૂકનાર નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો. ખાસ અદાલતે ચુકાદો આપતી વેળા નરેન્દ્ર મોદી સરકારમાં ભૂતપૂર્વ પ્રધાન માયા કોડનાની સહિત ૩૨ને દોષિત ઠેરવ્યા હતા જ્યારે ૨૯ને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા. તમામને સજાની જાહેરાત ૩૧મી ઓગસ્ટે કરાશે. અપરાધી જાહેર થયેલાઓમાં બજરંગ દળના નેતા બાબુ બજરંગીનો સમાવેશ થાય છે. ગોધરાકાંડ બાદ ગુજરાતમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારમાં નરોડા પાટિયા હત્યાકાંડ સર્જાયો હતો. કોમી રમખાણોના સૌથી વિનાસકારી હત્યાકાંડ પૈકીનો આ હત્યાકાંડ હતો. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે સર્જાયેલા આ હત્યાકાંડમાં ઓદ્યોગિક વિસ્તાર નરોડામાં ૯૭ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે ખાસ અદાલતે આજે સવારે ચુકાદો આપ્યો હતો. ચુકાદો આપ્યો તે પહેલાં કોર્ટની આસપાસ સાવચેતીના તમામ પગલાં લઈને સુરક્ષા મજબૂત કરી દેવામાં

### કેસમાં દોષિત જાહેર થયેલાઓનાં નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | નરેશ છારા | ૧૭. | માયા કોડનાની |
| ૨. | મુરલી સિંધી | ૧૮. | અશોક સિંધી |
| ૩. | ગણપત છારા | ૧૯. | હર્ષદ છારા |
| ૪. | વિક્રમ રાઠોડ | ૨૦. | મુકેશ રાઠોડ |
| ૫. | હરેશ રાઠોડ | ૨૧. | મનોજ પુકરાણી |
| ૬. | બાબુ બજરંગી | ૨૨. | હિરાભાઈ મેઘવાન |
| ૭. | કિશન કુરાની | ૨૩. | વિપીન પંચાલ |
| ૮. | પ્રકાશ રાઠોડ | ૨૪. | અશોક કોરાની |
| ૯. | સુરેશ છારા | ૨૫. | વિજય પરમાર |
| ૧૦. | પ્રેમચંદ તિવારી | ૨૬. | રમેશ છારા |
| ૧૧. | સુરેશ છારા | ૨૭. | સચીન મોદી |
| ૧૨. | નવાબ રાઠોડ | ૨૮. | વિશાલ સુનાર |
| ૧૩. | મનુભાઈ | ૨૯. | દિનેશ મરાઠી |
| ૧૪. | શશીકાંત પાટિલ | ૩૦. | સંતોષ મુલચંદાની |
| ૧૫. | બાબુભાઈ મારવાડી | ૩૧. | પિન્ટુ જાડેજા |
| ૧૬. | લક્ષ્મણ ઠાકોર | ૩૨. | કિરપાલ સિંહ |



આવી હતી. નરોડા પાટિયા હત્યાકાંડ બાદ ૯૪ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા જેમાં ૮૪ લોકોની ઓળખ થઈ હતી. ત્રણ લોકો હજુ લાપતા છે. સિટી ક્રાઈમ બ્રાંચે ૪૭ લોકોની ધરપકડ કરી હતી અને ચાર ચાર્જશીટ દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આ તપાસ સ્પેશિયન ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ને સોંપી દીધા બાદ વધુ ૨૪ આરોપીઓની ધરપકડ કરાઈ હતી જેમાં ભૂતપૂર્વ પ્રધાન માયા કોડનાની પણ હતા. એકંદરે આ કેસમાં આઠ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. ચકચારી મામલામાં ૨૦૦૯માં ટ્રાયલ શરૂ થઈ હતી અને બે વર્ષથી વધુ સમય સુધી ટ્રાયલ ચાલી હતી.

ખાસ અદાલતે આરોપીઓના ભાવિનો આજે ફેંસલો કર્યો હતો. આ ૬૨ આરોપીઓમાં વિહિપનાં નેતા બાબુ બજરંગીને પણ દોષિત ઠેરવવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ખાસ અદાલતે અગાઉ ૩૦મી જુનનાં દિવસે તેનો ચુકાદો આજની તારીખ સુધી અનામત રાખ્યો હતો. ગોધરાકાંડ બાદ તેના પ્રત્યાઘાતરૂપે અમદાવાદ સહિત રાજ્યનાં ઘણાં ભાગોમાં કોમી રમખાણ ફાટી નિકળ્યા હતા. આ ગાળા દરમિયાન અમદાવાદનાં નરોડા પાટિયા હત્યાકાંડ સર્જાયો હતો. જેમાં ૯૭ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. આ હત્યાકાંડથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. આ કેસમાં ૬૨ આરોપીઓ હતા. ચુકાદો આવ્યા બાદ કોર્ટની આસપાસ સોંપો પડી ગયો હતો. જે લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા તે લોકોના સગા સંબંધીઓમાં નારાજગી દેખાઈ રહી હતી જ્યારે જે લોકો નિર્દોષ છૂટી ગયા હતા તે લોકોના પરિવારના સભ્યોમાં રાહત દેખાઈ રહી હતી. કેસમાં બિપીન પંચાલ, કિશન કોરાની, અશોક સિંધી, રાજુ ચોમલ પણ આરોપી તરીકે હતા. ગોધરા નજીક બનેલા ગોધરા ટ્રેન અગ્નિકાંડના બનાવના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે નરોડા પાટિયા હત્યાકાંડ સર્જાયો હતો. હજારોની સંખ્યામાં તોફાની ટોળાએ હુમલો કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદ દ્વારા આપવામાં આવેલ બંધ દરમિયાન આ બનાવ બન્યો હતો. હુમલામાં ૩૩ અન્યો ઘાયલ થયા હતા. ગોધરાકાંડના બાદના સૌથી સનસનાટીપૂર્ણ હત્યાકાંડ પૈકીનો આ અંક હત્યાકાંડ હતો. ઓગસ્ટ ૨૦૦૯માં આ મામલામાં ટ્રાયલ શરૂ થઈ હતી અને ૬૨ આરોપીઓ સામે આરોપો ઘડાયા હતા. જો કે ટ્રાયલ દરમિયાન એક આરોપી વિજય શેટ્ટીનું મોત થયું હતું. નજરે જોનાર સાક્ષીઓ, ભોગ બનેલા લોકોના સગાસંબંધીઓ, તબીબો, પોલીસ, સરકારી અધિકારીઓ, ફોરેન્સીસ નિષ્ણાંતો, પત્રકારો સહિત ૩૨૭ લોકોની કોર્ટ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

છેલ્લા એક દશકમાં આઠ તપાસ અધિકારીઓ દ્વારા કેસમાં તપાસ કરાઈ હતી. તમામ આરોપીઓ સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરીને આરોપો મુકાયા હતા. જે કલમો આરોપીઓ સામે મૂકવામાં આવી હતી તેમાં આઈપીસીની કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાના પ્રયાસ), ૩૨૩, ૩૨૪, ૩૨૫ (ખતરનાક ઈરાદાઓ સાથે ગંભીર ઈજા), ૩૬૭ (ગંભીર ઈજાના હેતુથી અપહરણ)નો સમાવેશ થાય છે. જે ચકચારી કેસોમાં ચુકાદા આવી ગયા છે તેમાં ઔડ ગામ હત્યાકાંડનો સમાવેશ થાય છે. આ કેસમાં ૧૮ આરોપીઓને આજીવન કારાવાસની અને પાંચને સાત વર્ષની જેલની સજા કરાઈ હતી. વર્ષ ૨૦૧૧માં ખાસ અદાલતે ગોધરા ટ્રેન અગ્નિકાંડ કેસમાં ચુકાદો આપ્યો હતો જેમાં ૧૧ને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી જ્યારે ૨૦ને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી.






**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬




**હાર્દિક અભિનંદન**



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલ સાહેબશ્રીની મંજુરીથી આપની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિમાં સંગઠન મંત્રી તરીકે નિમણુંક થવા બદલ અમારા લાખ લાખ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિના શીખરો સર કરો તેવી શુભકામનાઓ...

**કનુભાઈ રાધેશ્યામ શાહ**
સંગઠન મંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

**શુભેચ્છક**

**જશુભાઈ બી. ઝાલા**
મંત્રી, દહેગામ તાલુકા કોંગ્રેસ સમિતિ
પૂર્વ સરપંચશ્રી, હાલીસા

**સવિતાબેન પ્રતાપજી ઠાકોર**
પૂર્વ સદસ્ય, ગાંધીનગર પંચાયત, ગાંધીનગર
મહામંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

**રમિલાબેન કનુભાઈ પટેલ**
સદસ્ય જીલ્લા પંચાયત, ગાંધીનગર

**અશ્વિનભાઈ દેસાઈ**
મહામંત્રી, રાજીવ ગાંધી યુવા બ્રિગેડ, ગાંધીનગર

**મનુભાઈ રમાભાઈ દેસાઈ**
સંગઠનમંત્રી, દહેગામ તાલુકા કોંગ્રેસ સમિતિ

**અશોકભાઈ ગેબાભાઈ પટેલ**
મંત્રીશ્રી, ગાંધીનગર જિલ્લા કિસાન સેલ

પ્રણેતા મંડપ ડેકોરેશન, પરિવાર